# ગુરુ પૂર્ણિમા એટલે ગુરુએ સ્વમૂલ્યાંકન કરવાનો દિવસ

ભારતીય સંસ્કૃતિમાં હિન્દુ મહિનાઓ જેમ કે, કારતક, માગશર, પોષ વગેરે છે. આ દરેક મહિનામાં મોટાભાગે કોઇને કોઇ તહેવાર કે વિશિષ્ટ દિવસ જોવા મળે છે. એ રીતે અષાઢી પૂનમ એટલે ગુરુ પૂર્ણિમાનો દિવસ. જેમાં મોટા ભાગે શિષ્યો પોતાના ગુરુને યાદ કરે, મળવા જાય, આપેલા જ્ઞાન માટે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરે વગેરે.

આજે પણ સાળાઓમાં આ દિવસ મોટાભાગે ઉજવવામાં આવે છે. જો શાળામાં રજા હોય તો આ દિવસને આગળ કે પાછળના દિવસે ઉજવવામાં આવે છે. પણ ઉજવાય છે ખરો. પરંતુ અફસોસની વાત એ પણ છે કે, કોલેજ કક્ષાએ ગુરુ પૂર્ણિમાનો દિવસ ઉજવાતો નથી. હા... કેટલીક શિક્ષણ પ્રશિક્ષણની કોલેજોમાં ક્યાંક ક્યાંક ઉજવાય છે. શું કોલેજના વિદ્યાથઓને ગુરુનો મહિમા નથી, કે મહિમાવાન વગરના ગુરુઓને કોલેજના વિદ્યાર્થીઓ ઓળખી ગયા છે ? કારણ જે હોય તે પણ કોલેજોમાં ગુરુ પૂર્ણિમાનો દિવસ ઉજવાતો નથી તે હકીકત છે અને દુ:ખ દાયક પણ છે. પ્રાથમિક શાળામાં રહેલો વિદ્યાર્થી પોતાના ગુરુ – શિક્ષકને ભગવાન તરીકે જૂએ છે. તે જે કહે તે જ સાચું, દુનિયા ખોટી. અરે, પોતાના મા-બાપ પણ ખોટા. અહીં મારા અનુભવનું એક ઉદાહરણ આપવાનું રોકી શકતો નથી. હું ગોધરામાં અધ્યાપક તરીકે સેવા બજાવતો હતો, ત્યારે મારો પુત્ર ધો.૬ પ્રાથમિક શાળામાં ભણતો હતો. એટલું જ નહીં ગણિતના ધો.૬ના પાઠ્યપુસ્તકનો હું પરામર્શક પણ હતો. મારા પુત્રને ઘરમાં હું ગણિત-વિજ્ઞાન શીખવતો હતો. કોઇ પ્રકરણમાં તેને વધારે મુશ્કેલી હતી. મેં તેને કહ્યું કે, આ દાખલાઓ બીજી આ રીતે પણ ગણી શકાય. પુત્રએ વિરોધ કર્યો કે, ના. આ દાખલા તમે કહો છો તે રીતે ન જ કરાય. મારા શિક્ષિકા બહેને અમને તમે કહો છો તે રીતે નથી શીખવાડ્યું. તમને ગણિત બરાબર આવડતું જ નથી વગેરે. ત્યારબાદ કેટલાક દિવસ સુધી પુત્ર મારી પાસે ગણિત શીખવા જ ન બેસે. તેને મન કે મારા શિક્ષિકા બહેન જે કહે તે જ સાચું અને તે રીતે જ કરાય. દુનિયામાં બીજી રીત હોઉ જ ન શકે અને મારા શિક્ષિકા કરતાં કોઇને વદારે આવડે જ નહીં. દોસ્તો. ફરી યાદ કરાવું તો નાના બાળકો કે જેઓ પ્રાથમિક શાળામાં ભણે છે તેમને માટે તેમના શિક્ષક એટલે સર્વોપરી- ભગવાન. પણ આ બાળક જ્યારે માધ્યમિક શાળામાં આવે ચે ત્યારે તે પોતાના શિક્ષકને શંકાની નજરે જૂએ ચે. તે જ બાળક જ્યારે કોલેજમાં આવે ત્યારે શિક્ષકને જોઇ લેવાની વાત કરે છે. તો બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેના મનમાંથી શિક્ષક માટેનો આદર – ભાવ ઘટતો જાય છે. આમ થવા પાછળના કારણો શોધીને દૂર થાય તેવા પ્રયત્નો શિક્ષકે અને સમાજે કરવાની જરૂર છે. જે શિક્ષક અને વિદ્યાર્થી બંનેના હિતમાં જ હશે.

શિક્ષક વર્ગખંડમાં પ્રા જોર-શોરથી ભનાવે છે. કદાચ ઘેરથી તૈયારી કરીને શાળામાં આવે છે. જો શાળામાં જવાનું મોડું થશે તેવું લાગે તો ક્યારેક જમ્યા વગર પણ શાળામાં સમયસર પહોંચી જાય છે વગેરે. આમ છતાં વિદ્યાર્થી તરફથી તેને જે સહકાર મળવો જોઇએ, જે સંતોષ મળવો જોઇએ તે મળતો નથી. આવું કેમ ? કોનો વાંક? શિક્ષકનો કે વિદ્યાર્થીનો ? વિદ્યાર્થીનો વાંક કાઢતા પહેલાં શિક્ષકે પોતાની જાતમાં અંદરના ખોળીયામાં એક ડોકિયું કરવાની જરૂર છે. પ્રેમ ભૂખ્યા વિદ્યાર્થીઓને કદાચ શીખવવામાં તમે આગળ

હશો, પણ પ્રેમ કરવામાં પાછળ તો નથી ને ? વિષયની તૈયારી સારી કરી હશે, પણ તે પિરસવામાં બેદરકારી તો નથી રાખીને ? વિદ્યાર્થીને વારંવાર હડધૂત તો નથી કર્યો ને ? વિદ્યાર્થી જે અપેક્ષા સાથે શાળામાં આવે છે તે અપેક્ષા સંતોષવામાં ક્યાંક પાછા તો પડયા નથી ને ? માત્ર વિદ્યાર્થીને જ નહીં વાલી સાથે પણ આપણું વર્તન અણસાજતું તો નથી કર્યું ને ? વગેરે જેવા અનેકાનેક કારણો હોઇ શકે.

શિક્ષક રસ્તા પરથી પસાર થતો હોય અને સામે મળતો ભૂતપૂર્વ વિદ્યાર્થી પગે લાગે તો તેનો આનંદ એક લોટરી લાગ્યા કરતાં પણ વદારે હોય છે. આવો આનંદ જે શિક્ષકને વારંવાર થાય ચે તે સફળ શિક્ષક. તેવા શિક્ષકને આ ગુરુપૂર્ણિમાએ લાખલાખ વંદન. શિક્ષક પોતાના સેવાકાળ દરમિયાન જો પાંચ-સાત વિદ્યાર્થી માટે રોલમોડેલ ન બની શકે તો શિક્ષકે વિચારવાનું કે તેણે મજૂરની જેમ મજૂરી કરી છે. શિક્ષણનું કાર્ય કર્યું નથી. શિક્ષકે પોતાના આદર્શ દ્ધારા – પોતાના વિચારો દ્ધારા વિદ્યાર્થીને જીતવાનો છે. આ માટે સીધા પ્રયત્ન કરવાની જરૂર ની. આ કામ મૌલિક રીતે થવું જોઇએ. જેમાં ધીરજની પણ જરૂર છે.

બે દિવસ પૂર્વે ગુરુપૂર્ણિમાનો દિવસ ગયો. તે દિવસને યાદ કરો. કેટલા વિદ્યાર્થી તમને પગે લાગવા કે મળવા આવ્યા. કદાચ માની લઇએ કે, આજના આધુનિક ફાસ્ટ યુગમાં આપણા વિદ્યાર્થી ક્યાંક નોકરી પર હોય અને રૂબરૂ મળવા ન આવી શકે તો કેટલા વિદ્યાર્થીના ફોન આવ્યા ? જો તમારી પર પાંચ-દસ ફોન ન આવ્યા હોય તો તમે તમારી જાતનું મૂલ્યાંકન કરજો કે કેમ કોઇ વિદ્યાર્થીએ તમને ગુરુપૂર્ણિમા જેવા પવિત્ર દિવસે , ગુરુના આશીર્વાદ લેવા ફોન ન કર્યો ? વિચારજો કે તમે એવું તે શું અને કેવું ભણાવ્યું કે તમારા શિષ્યને આ દિવસે પણ તમને ફોન કરવાની ઇચ્છા ન થઈ. આપણે કેવું વાવ્યું કે તેના મીઠાં ફળ આપણને ચાખવા તો નથી મળતા પણ જોવા પણ નથી મળતા ?

આમ ગુરુ પૂર્ણિમાનો દિવસ એટલે શિષ્યે પોતાના ગુરુના આશીર્વાદ લેવાનો જ દિવસ નહીં, પણ દરેક ગુરુઓ કે શિક્ષકે પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનો દિવસ એમ પણ કહીં શકાય. જે શિક્ષકો આ રીતે મૂલ્યાંકન કરે છે અને પોતાની જાતમાં જરૂરી પરિવર્તન લાવે છે, તે ઝડપથી સફળ તાય છે. બાકીના શિક્ષકો પેલા મજૂરની જેમ પગાર લે છે અને નોકરી કરે છે. તેમના માટે ગુરુ પૂર્ણિમાનો દિવસ કે હોળીનો દિવસ બધું સરખુ હોય છે. અંતે જગતના તમામ ગુરુઓને બધા વતી મારા વંદન.